# કોહલબર્ગનો નૈતિક વિકાસનો સિદ્ધાંત



મિતલ બાલધિયા
એસ.યુ.જી.કોલેજ ઓફ એજ્યુકેશન

# કોહલબર્ગનો પરિચય-



- લોરેન્સ કોહલબર્ગ 1950 ના દાયકામાં અમેરિકાની યુનિવર્સિટી ઓફ શિકાગોમાં અનુસ્નાતક વિદ્યાર્થી હતા. નૈતિક વિકાસ અંગેના પિયાજેના સંશોધનોથી કોહલબર્ગ લગભગ પ્રભાવિત થયા.તેમણે પિયાજેના નૈતિક વિકાસ વિષયક સંશોધન અને વિચારનો વિસ્તાર કરવાનો નિર્ણય કર્યો. એ રીતે કોહલબર્ગનો નૈતિક વિકાસ અંગેનો સિદ્ધાંત પિયાજેના તત્સંબંધી વિચારોનું વિસ્તરણ હતું. કોહલબર્ગ બાળકોની નૈતિક વિચારણાના વિકાસની પ્રક્રિયા સમજવા બાળકો પર સંશોધન કરવા માટે નૈતિક દ્વિધાવાળી વાર્તા,કથાઓ કે કાલ્પનિક પ્રસંગો નો ઉપયોગ કર્યો.તેઓ નૈતિક વિકાસવાળી કથા બાળકોને વંચાવીને તે અંગે પ્રશ્નો પૂછીને જવાબો મેળવતા તેઓ બાળકોને તેમના ઉત્તરો અંગે સમજૂતી કે ખુલાસો આપવાનું પણ કહેતા બાળકોના ઉત્તરો અને તે માટેનાં તેમનાં ઔચિત્યોને આધારે બાળકોની નૈતિક વિચારણાની પ્રક્રિયાને તેમણે પોતાના સિદ્ધાંત રૂપે વર્ણવી  છે.

# કોહલબર્ગના નૈતિક વિકાસ સિદ્ધાંતનો પરિચય



- કોહલબર્ગે નૈતિક વિકાસ ની 6 અવસ્થાઓને ત્રણ ક્રમિક સ્તરોમાં વહેચી છે
- પ્રથમ સ્તર

  પૂર્વ નિયમાત્મક નૈતિકતા
- બીજુ સ્તર

  નિયમાત્મક નૈતિકતા
- ત્રીજું સ્તર

  ઉત્તર નિયમાત્મક નૈતિકતા

# કોહલબર્ગનો નૈતિક વિકાસ સિદ્ધાંત



- પ્રથમ  સ્તર

- પૂર્વ નિયમાત્મક નૈતિકતા

નવ વર્ષની વય સુધીના બાળકોને લાક્ષણિકતા નાના બાળકો સમાજના નિયમોને ખરેખર સમજતા હોતા નથી તેથી નૈતિકતાનું આ પહેલું અને સૌથી નીચું સ્તર પૂર્વ નિયમાત્મકતા કહેવાય છે

# કોહલબર્ગનો નૈતિક વિકાસ સિદ્ધાંત



- પ્રથમ અવસ્થા

સજા આજ્ઞાપાલન અભિમુખતા

કાર્યનું ભૌતિક પરિણામ સારા નરસા પણા માટે નિર્ણાયક હોય છે તેઓ સત્તા ઉપર છે તેમની પાસે વધારે શક્તિ હોય છે અને તેમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ આજ્ઞાનું પાલન કરીને સજા ટાળવી જોઈએ.

- બીજી અવસ્થા

સાધનાત્મક સાપેક્ષ અભિમુખતા

કાર્ય વ્યક્તિની પોતાની જરૂરિયાત સંતોષવાનું સાધન બને અથવા કાર્યનું માપસર વળતર મળે તો કાર્ય યોગ્ય ગણાય. નિયમનું પાલન કરવાથી બદલામા કંઈક લાભ મળવો જોઇએ.

# કોહલબર્ગનો નૈતિક વિકાસસિદ્ધાંત



- બીજું સ્તર

- નિયમાત્મક નૈતિકતા

9 થી 20 વર્ષ સુધીની વયની વ્યક્તિઓ ની લાક્ષણિકતાઓ. આ સ્તર નિયમાત્મક કહેવાય છે કારણકે આ વયગાળાની મોટાભાગની વ્યક્તિઓ સમાજના નિયમોનું પાલન એટલા માટે કરે છે કે એ સમાજના નિયમો છે.

# કોહલબર્ગનો નૈતિક વિકાસસિદ્ધાંત



- ત્રીજી અવસ્થા
- સારી છાપ પ્રત્યેની અભિમુખતા

જેનું વર્તન બીજાને ખુશ કરે અથવા બીજા ઉપર સારી છાપ પાડે તેનું કાર્ય યોગ્ય ગણાય.

- ચોથી અવસ્થા
- કાયદો અને વ્યવસ્થાની અભિમુખતા

સમાજમાં વ્યવસ્થા જાળવવા ચોક્કસ નિયમો ઘડવા જોઇએ અને તેમનું પાલન થવું જ જોઈએ.સત્તા પ્રત્યેના આદર માટે આ મહત્વનું છે.

# કોહલબર્ગનો નૈતિક વિકાસ સિદ્ધાંત



ત્રીજું સ્તર

ઉત્તર નિયમાત્મક નૈતિકતા

નૈતિકતાના આશરે વ્યક્તિ 20 વર્ષની વય પછી જ પહોંચી શકે છે અને પુખ્ત વયના બહુ થોડા લોકો આ સ્તરે પહોંચે છે. સમાજના નિયમોના હાર્દમાં રહેલા નૈતિક નિયમો ને વ્યક્તિ સમજે છે તેથી આ સ્તર ઉત્તર નિયમાત્મક નૈતિકતા
કહેવાય છે

# કોહલબર્ગનો નૈતિક વિકાસ સિદ્ધાંત



- પાંચમી અવસ્થા
- સામાજિક કરાર પ્રત્યે અભિમુખતા

સમાજમાં વ્યવસ્થા જાળવવા જરૂરી નિયમો સત્તાધીશોના અન્ધ આજ્ઞાપાલન ઉપર નહિ ,પણ સામાજિક સંમતિ ઉપર આધારિત હોવા જોઈએ સાથે-સાથે વ્યક્તિના અધિકારોનું રક્ષણ પણ થવું જોઈએ.

- છઠ્ઠી અવસ્થા
- સાર્વત્રિક નૈતિક સિદ્ધાંત પ્રત્યે અભિમુખતા

વ્યક્તિએ સ્વેચ્છાએ સ્વીકારેલા નૈતિક નિયમો પર નૈતિક નિર્ણયો થવા જોઈએ. એકવાર નિયમો સ્વીકારાય તો પછી સતત તેમનો અમલ થવો જોઈએ.

# કોહલબર્ગના નૈતિક વિકાસ સિદ્ધાંતની ઉદાહરણ સાથે સમજ



- પહેલી અવસ્થા સજા અને પાલન અભિમુખતા

તમે કદાચ પકડાઈ જાઓ કાર્યનું ભૌતિક પરિણામ સારા નરસા માટે નિર્ણાયક

- બીજી અવસ્થા સાધનાત્મક સાપેક્ષ અભિમુખતા

તમારે દુકાનમાંથી કશું કરવું જોઈએ નહીં અને દુકાનદારે તમારું કશું કરવું જોઈએ નહીં કાયદાનું પાલન કરવાથી માપસર નો બદલો મળવો જોઈએ

- ત્રીજી અવસ્થા સારી છાપ પ્રત્યેની અભિમુખતા

તમે પ્રામાણિક હશો તો તમારા માતા-પિતા તમારા માટે ગૌરવ લેશે બીજાઓ ઉપર સારી છાપ પાડે તે કાર્ય યોગ્ય ગણાય

# કોહલબર્ગના નૈતિક વિકાસ સિદ્ધાંતની ઉદાહરણ સાથે સમજ



- ચોથી અવસ્થા કાયદો અને વ્યવસ્થાની અભિમુખતા

દુકાનમાં ચોરી કરવી કાયદાનો ભંગ છે અને જો આપણી કાયદાનું પાલન ન કરીએ તો આખો સમાજ ભાંગી પડે સામાજિક વ્યવસ્થા સાચવવા ચોક્કસ નિયમો નું પાલન કરવું જ જોઈએ

- પાંચમી અવસ્થા સામાજિક કરાર પ્રત્યે અભિમુખતા

કેટલાક ચોક્કસ સંજોગોમાં કાયદાઓની અગણ ના કરવી પડે ઉદાહરણ તરીકે જો વ્યક્તિના જીવનનું અસ્તિત્વ નો ભંગ કરવા ઉપર આધારિત હોય તો નિયમો વિષે સમાજમાં પારસ્પારિક સમજૂતી કે સંમતિ હોવી જોઈએ વ્યક્તિના અધિકારનું રક્ષણ થવું જોઈએ

- છઠ્ઠી અવસ્થા સાર્વત્રિક નૈતિક સિધ્ધાંત પ્રત્યે અભિમુખતા

તમારે બધા પરિબળો કે બધી બાબતોને યોગ્ય મહત્વ આપવું જોઈએ અને પછી આપેલી પરિસ્થિતિમાં સૌથી વધારે યોગ્ય નિર્ણય કરવો જોઈએ ક્યારેક ચોરી ન કરવી તે પણ નૈતિક રીતે ખોટું હોય છે ઠીક નૈતિક નિયમોના સતત અમલ ઉપર નૈતિક નિર્ણય આધારિત હોવો જોઈએ

# શૈક્ષણિક ફલિતાર્થો



- 1. નૈતિકતા સંબંધિત ઘટનાઓ ની અવગણના ન કરો
- 2. નૈતિકતા તર્ક પર ભાર આપો.
- 3. દ્રષ્ટિબિંદુઓ ના સ્વીકાર પર ભાર આપો.
- 4. વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા કરવા પ્રેરો.
- 5. સત્તા ન બનો/ વિદ્યાર્થીઓ શિક્ષક ને  સત્તા ગણે છે.
- 6. કોઈપણ નૈતિક સમસ્યા કે સંઘર્ષને બાળકના દૃષ્ટિબિંદુથી જુઓ.
- 7. વિચારો, અભિપ્રાયો ,ક્રિયાઓ વગેરેમાં ભિન્નતાયુક્ત પરિસ્થિતિઓને વર્ગ પર્યાવરણમાં સ્થાન આપો.
- 8. વિદ્યાર્થીઓના નૈતિકતા વિકાસ તબક્કાને ધ્યાનમાં લો.
- 9. સામાન્યીકરણ પર ભાર આપો

# શૈક્ષણિક ફલિતાર્થો



- 10. નૈતિક મૂલ્યોને અભ્યાસક્રમમાં ગૂંથી લો.
- 11.વિદ્યાર્થીઓના આદર્શ બનો
- 12.નૈતિક દ્વિધાવાળી પરિસ્થિતિમાં પોતે શું કરે તેવું વિદ્યાર્થી કહે ત્યારે, શા માટે? તેવો પ્રશ્ન પૂછો
- 13.નૈતિક દ્વિધાવાળા પ્રંસંગોમાં વિદ્યાર્થીને પોતાની જાતને મૂકવાનું કહો.
- 14. નૈતિક મૂલ્યો સમજાવવા માટે સ્વાભાવિક અને વાસ્તવિક ઉદાહરણોનો ઉપયાગ કરો.
- 15. નૈતિક પ્રસંગોની ચર્ચા કરીને વિદ્યાર્થીઓને નૈતિકતા પ્રત્યે જાગૃત કરો.